| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSK060003072016 | દાખલ તારીખ | :– | ૨૬/૦૭/૨૦૧૬ | | |
| | રજીસ્ટર થયા તારીખ | :– | ૨૬/૦૭/૨૦૧૬ | | |
| | ફેસલ તારીખ | :– | ૨૦/૦૭/૨૦૨૬ | | |
| | સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૯ | ૧૧ | ૨૫ |

**–:: નમૂનો–અ ::–**

सत्यमेव जयते

**વિજયનગરના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિજયનગર, જિ.સાબરકાંઠા**

**ચુકાદાની તા.૨૦/૦૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૨૩૯/૨૦૧૬**

**આંક:–**

**:: ગુન્હાની વિગત ::**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૬૩/૨૦૧૬ |
| પોલીસ સ્ટેશન | વિજયનગર પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |
| આરોપીપક્ષ | **(૧) અશ્વીનભાઈ શંકરભાઈ ડામોર,**<br>ઉ.વ.આ.૪૫, ધંધો–ડ્રાઈવીંગ,<br>રહે–બબાળા, ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન)<br>**(૨) ગેબીલાલ દિતાજી અસારી,**<br>ઉ.વ.આ.૭૦, ધંધો–ખેતી,<br>રહે–બબાળા, ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન)<br>ઉ.વ.આ.૬૨, ધંધો–ખેતી,<br>**(૩) ચંદુલાલ સવાજી અસારી,**<br>રહે–બબાળા, ખેરવાડા, જિ.ઉદેપુર |

| | |
|---|---|
| | (રાજસ્થાન)<br>**(૪) દિનેશસિંહ પદમસિંહ સિસોદીયા(એબેટ)**<br>રહે–થાણા, ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન)<br>**(૫) બંશીલાલ નાથુજી પરમાર,**<br>ઉ.વ.આ.૫૦, ધંધો–ખેતી,<br>રહે–સરેરા બીચલાફળા, ખેરવાડા,<br>જિ.ઉદેપુર (રાજસ્થાન) |
| રજુઆત | આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી એમ.એસ. ભગોરા તથા આરોપી નં.૨, ૩, ૪ અને ૫ અન્વયે ક્રિ. પ્રો.કોડની કલમ–૨૯૯ (બી.એન.એસ.એસ. ની કલમ–૩૩૫) હેઠળ હુકમ થયેલ છે. |

## –:: નમૂનો–બ ::–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૨/૦૬/૨૦૧૬ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૩/૦૬/૨૦૧૬ |
| ચાર્ઝશીટની તારીખ | ૨૬/૦૭/૨૦૧૬ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | આરોપી નં.૧<br>૧૪/૦૭/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૦૨/૦૧/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૨૦/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૦/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

## –:: આરોપીઓની વિગત ::–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર.પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અશ્વીનભાઇ શંકરભાઇ ડામોર** | ૨૯/૦૬/ ૨૦૧૬ | ૨૯/૦૬ /૨૦૧૬ | ઇ.પી.કો. કલમ– ૩૨૪, | **નિર્દોષ** | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | **ગેબીલાલ દિતાજી અસારી** | ૨૯/૦૬/ ૨૦૧૬ | ૨૯/૦૬ /૨૦૧૬ | ૧૪૩, ૧૪૭, ૧૪૮, | **એબેટ** | -- | -- |
| ૩ | **ચંદુલાલ સવાજી અસારી** | ૨૯/૦૬/ ૨૦૧૬ | ૨૯/૦૬ /૨૦૧૬ | ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) | **નિર્દોષ** | -- | -- |
| ૪ | **દિનેશસિંહ પદમસિંહ સિસોદીયા** | ૨૯/૦૬/ ૨૦૧૬ | ૨૯/૦૬ /૨૦૧૬ | તથા જી. પી. એકટની | **નિર્દોષ** | -- | -- |
| ૫ | **બંશીલાલ નાથુજી પરમાર** | ૨૯/૦૬/ ૨૦૧૬ | ૨૯/૦૬ /૨૦૧૬ | કલમ– ૧૩૫ મુજબ. | **નિર્દોષ** | -- | -- |

**<u>-:: નમૂનો-ક ::-</u>**

**<u>એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:-</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૨૩ | અમીતકુમાર નવલસિંહ ગરાસીયાની જુબાની | પંચ સાહેદ |
| ૨ | ૨૫ | બચુભાઇ વિરજીભાઇ ખરાડીની જુબાની | પંચ સાહેદ |
| ૩ | ૨૬ | અમૃતલાલ વેચાતભાઇ અસારીની જુબાની | પંચ સાહેદ |
| ૪ | ૨૮ | રમેશભાઇ કાનજીભાઇ બોડાતની જુબાની | પંચ સાહેદ |
| ૫ | ૨૯ | રાજેશભાઇ જેઠાલાલ પરમારની જુબાની | સાહેદ |
| ૬ | ૩૫ | ડો.નવીનચંદ્ર જોઇતારામ પરીખની જુબાની | ડોકટર સાહેદ |
| ૭ | ૩૮ | ડો.મોહંમદ મુસ્લીમ અબ્દુલકરીમ સીદીકીની જુબાની | ડોકટર સાહેદ |
| ૮ | ૪૫ | વિષ્ણુસિંહ દશરથસિંહ રાઠોડની જુબાની | ફરીયાદી |
| ૯ | ૪૭ | કાળુસિંહ અમરસિંહ ચૌહાણની જુબાની | સાહેદ |
| ૧૦ | ૪૮ | સુરેશભાઇ રામાભાઇ ખાંટની જુબાની | સાહેદ |

**<u>બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :-</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૨૪ | અસલ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૨૭ | અસલ મુદ્દામાલ રીકવરી પંચનામુ |
| ૩ | ૩૬ | અસલ હોસ્પીટલના કેસ પેપર્સ |
| ૪ | ૩૭ | અસલ સારવાર પ્રમાણપત્ર |

| | | |
|---|---|---|
| ૫ | ૩૯ | અસલ રીફર સ્લીપ |
| ૬ | ૪૦ | અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૭ | ૪૬ | અસલ ફરીયાદ |
| ૮ | ૪૯ | હથિયારબંધીનું જાહેરનામુ |

**સી. આરોપીપક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**–: ઠરાવ :–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૧૧/૨૦૧૫ ના કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે મોજે રાણી બોડર ચેક પોસ્ટ ઉપર ફરીયાદી આર.ટી.ઓ. સાહેબની સૂચના મુજબ એ.કે. ડામોર લકઝરી બસ નં.આરજે.૨૭. પીએ.૮૦૮૩ ની રોકાવી તેના કાગળો આર.ટી.ઓ. સાહેબએ અગાઉ જમા લીધેલ જેની અદાવત રાખી એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી મારક હથીયાર ધારણ કરી આરોપી નં.૧ ના એ ફરીયાદીને જમણા હાથના બાવડા ઉપર લોખંડની પાઇપ મારી તથા બીજા આરોપીઓએ લાકડી તથા ધોકાથી માર મારી શરીરે ઈજાઓ

કરી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી મે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા આરોપીઓ વિરૂધ્ધ પુરાવા હોય ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરવામાં આવેલ.

<u>ન્યાયિક કાર્યવાહી :-</u>

**(૨)** ઉપરોકત ગુનાની ફરીયાદ સંદર્ભે હાલના કામનું ચાર્જશીટ રજુ થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૪ અન્વયે આરોપીઓ સામે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ જેની ધોરણસર બજવણી ન થતાં આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૯૯ (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૩૫) મુજબનો હુકમ કરવામાં આવેલ અને ત્યારબાદ કેસ કાર્યવાહી આરોપીઓની ગેરહાજરીમાં આગળ ચલાવી કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૨.૧)** ત્યારબાદ આરોપી નં.૧ સામે ઈશ્યુ કરવામાં આવેલ સમન્સની ધોરણસર બજવણી થતાં આરોપી નં.૧ તેમના વિ.વ.શ્રી મારફતે અદાલતમાં હાજર થયેલ અને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૦૭ (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૩૦) અન્વયે આરોપી નં.૧ને વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૪૦(ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૬૩) મુજબ આંક-૪૩ થી વિગતવારનું તહોમતનામુ ફરમાવી, વાંચી-સંભળાવી ગુન્હા અંગે આંક-૪૪ થી આરોપી નં.૧ નું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપી નં.૧એ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ અને તેઓ કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ. જેથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં ઉપરોકત **નમૂના–ક**માં **પત્રક–એ** થી **મૌખિક પુરાવા** અને **પત્રક–બી**થી **દસ્તાવેજી પુરાવા** રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે ખુદ ફરીયાદીએ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવું આંક–૫૦થી પુરસીસ આપી જાહેર કરેલ છે. જેથી કેસના સંજોગો વિચારણામાં લેતાં પોલીસ રીપોર્ટમાં દર્શાવેલ અન્ય સાક્ષી તપાસવાથી પણ કેસની હકીકત નિ:શકપણે પુરવાર થઇ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં,નામદાર સર્વોચ્ચ અદાલતના **૧૯૯૬(૩), ક્રાઇમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન" તથા (૨૦૦૮) ૯, એસ.સીસી., ૬૭૭, "નિખિલ મરચન્ટ વિ. સીબીઆઈ." તથા (૨૦૦૮) ૪, એસ.સીસી., ૫૮૨,"મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ"** ના ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, અદાલતે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૪) આ કામે ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતાં, નિ.૪૧/૧ થી રજુ મરણ પ્રમાણપત્ર ધ્યાને લેતાં, આ કામના આરોપી નં.૪ દિનેશસિંહ પદમસિંહ સિસોદીયા મરણ ગયેલ હોય તેઓની સામેની ઈન્સાફી કાર્યવાહી એબેટ કરવાનો હુકમ મારા પૂરોગામી સાહેબશ્રી દવારા હુકમ કરવામાં આવેલ છે અને અન્ય બાકીના તમામ આરોપીઓ વિરૂધ્ધ કોઇ જ પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ ન હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ (ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૫૧) અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન. કે. ગઢવી તથા આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી એમ. એસ. ભગોરાની મૌખિક દલીલો માનપૂર્વક સાંભળેલ છે.

(૬) હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-::મુદા::-</u>**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૧૧/૨૦૧૫ ના કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે મોજે રાણી બોડર ચેક પોસ્ટ ઉપર ફરીયાદી આર.ટી.ઓ. સાહેબની સૂચના મુજબ એ.કે. ડામોર લકઝરી બસ નં.આરજે.૨૭.પીએ.૮૦૮૩ ની રોકાવી તેના કાગળો આર.ટી.ઓ. સાહેબએ અગાઉ જમા લીધેલ જેની અદાવત રાખી એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી મારક હથીયાર ધારણ કરી આરોપી નં.૧ ના એ ફરીયાદીને જમણા હાથના બાવડા ઉપર લોખંડની પાઇપ મારી તથા બીજા આરોપીઓએ લાકડી તથા ધોકાથી માર મારી શરીરે ઇજાઓ કરી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી મે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>-::નિર્ણયો::-</u>**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ.

**<u>-::નિર્ણયના કારણો::-</u>**

**<u>મુદા નંબર: ૦૧ :-</u>**

(૮) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે

આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, ઉપરોકત મુદાઓની સાબિતી માટે આ કામે આરોપીઓ સામે જયારે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન કરતાં પહેલાં નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

(૮.૧) **<u>ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪ : તત્વો:-</u>**

૧. આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવી,

૨. આવી ઈજા આરોપીએ, ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનુ જાણવા છતા એટલે કે, સ્વેચ્છાપૂર્વક પહોંચાડી,

૩. આ ઈજા ગોળી છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે કરવામાં આવી હોય અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે કે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હોય અથવા કોઈ પદાર્થ સ્વાસમા લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવ શરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હોય.

(૮.૨) **<u>ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩ : તત્વો:-</u>**

૧. પાંચ કે તેથી વધુ વ્યકિતની બનેલી ગેરકાનૂની મંડળી,

૨. આરોપી તેવી ગેરકાનૂની મંડળીનો સભ્ય હતો,

૩. આ ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ કલમ ૧૪૧માં દર્શાવ્યા પ્રમાણેના પાંચ પૈકી એક અથવા તે કરતા વધારે હતો,

૪. મંડળી ગેરકાનૂની મંડળી છે તેવી જાણકારી આરોપીને હતી.

(૮.૩) <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭ : તત્વો:–</u>

૧. પાંચ અથવા તેથી વધુ વ્યક્તિ,

૨. તમામનો સામાન્ય હેતુ,

૩. જે સામાન્ય હેતુ કલમ ૧૪૧માં દર્શાવેલા પાંચ હેતુ પૈકી એક અથવા તે કરતા વધારે હોય અને તેવી વ્યક્તિઓએ મળીને ગેરકાનૂની મંડળી રચી હોય,

૪. તે ગેરકાનૂની મંડળી દ્વારા અથવા તેના કોઈ સભ્ય દ્વારા સામાન્ય હેતુ પાર પાડવા માટે તેના અનુસંધાને બળ અથવા હિંસાનો ઉપયોગ કરવામાં આવે.

જે કૃત્યમાં ઉપરના તત્ત્વો આવે તે કૃત્ય હુલ્લડ ગણાય. બળ અથવા હિંસાની માત્રા અગત્યની બાબત નથી, માત્ર બળ અથવા હિંસાનો ઉપયોગ થાય તે પર્યાપ્ત ગણાશે.

(કલમ–૧૪૬ના તત્વો જ કલમ–૧૪૭ના તત્વો છે.)

(૮.૪) <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૮ : તત્વો:–</u>

૧. પાંચ અથવા તેથી વધુ વ્યક્તિની બનેલી મંડળી કે જેનો હેતુ કલમ ૧૪૧માં દર્શાવેલા હેતુઓ પૈકી એક અથવા તેથી વધુ હોય,

૨. આરોપી તેવી ગેરકાનૂની મંડળીના સભ્ય હોય,

૩. સામાન્ય હેતુ પાર પાડવાના અનુસંધાને બળ અથવા હિંસાનો ઉપયોગ થયો હોય અને તેનો ઉપયોગ ગેરકાનૂની મંડળી દ્વારા અથવા તો તેના કોઈ સભ્ય દ્વારા કરવામાં આવ્યો હોય કે જેથી હુલ્લડનો ગુન્હો બને,

૪. આરોપી ગેરકાનૂની મંડળીના સભ્ય હોવા ઉપરાંત હુલ્લડ સમયે પ્રાણઘાતક હથિયાર અથવા કોઈ વસ્તુ કે જેનો ગુન્હો કરવા

માટે ઉપયોગ થઈ શકે કે જે વડે મૃત્યુ નિપજાવી શકાય, તે ધારણ કરીને હાજર હોય.

(૮.૫) <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૯ : તત્વો:–</u>

૧. ગેરકાનૂની મંડળીનું અસ્તિત્વ એટલે કે કલમ ૧૪૧,

૨. ગુન્હો બનવા સમયે આરોપી ગેરકાનૂની મંડળીના સભ્ય હતા એટલે કે કલમ ૧૪૨,

૩. આરોપી ઈરાદાપૂર્વક ગેરકાનૂની મંડળીમાં જોડાયા અથવા તેમાં ચાલુ રહ્યા,

૪. ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ શું હતો તે આરોપીની જાણમાં હતું તથા તે પણ તેવો સામાન્ય હેતુ ધરાવતો હતો,

૫. કોઈ ગુન્હો તેવી ગેરકાનૂની મંડળીના સભ્ય દ્વારા આચરવામાં આવ્યો,

૬. આવો ગુન્હો ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરવામાં આવ્યો હતો, અથવા

૭. આરોપીને એ હકીકતની જાણ હતી કે ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે આવો ગુન્હો આચરવામાં આવે તેવી સંભાવના છે.

કલમ ૧૪૧, ૧૪૨ ઉપરાંત ગુન્હો આચરવામાં આવે અને તેની જાણ આરોપીને હોય તે મહત્ત્વની બાબત છે. આ કલમથી પરોક્ષ ગુન્હાહિત જવાબદારી નિયત થતી હોવાથી ચુસ્ત પુરાવો આવશ્યક છે. કલમ–૧૪૧ અને ૧૪૨ની વ્યાખ્યા સમજવી જરૂરી હોય તેની વ્યાખ્યા નીચે મુજબ છે :

૧૪૧. ગેરકાનૂની મંડળી, :–

પાંચ કે તેથી વધુ વ્યક્તિઓની મંડળીને ‘ગેરકાનૂની મંડળી' કહેવાશે, જો મંડળી રચનાર વ્યક્તિઓનો સામાન્ય હેતુ

પહેલો – કેન્દ્ર અથવા કોઈ રાજ્ય સરકાર પર અથવા સંસદ અથવા કોઈ રાજ્યના વિધાનમંડળ પર અથવા જાહેરનોકરની હેસિયતથી પોતે કાનૂની સત્તાનો અમલ કરતો હોય ત્યારે તેવા

જાહેરનોકર પર ગુન્હાહિત બળ અથવા ગુન્હાહિત બળના દેખાવથી આતંક ફેલાવવાનો; અથવા

બીજો–કોઈ કાનૂન અથવા કાનૂની બજવણીના અમલીકરણનો સામનો કરવાનો; અથવા

ત્રીજો – કોઈ બગાડ કે ગુન્હાહિત અનધિકૃત પ્રવેશ અથવા અન્ય ગુન્હો કરવાનો; અથવા

ચોથો – કોઈ વ્યક્તિને ગુન્હાહિત બળ અથવા ગુન્હાહિત બળના દેખાવ વડે કોઈ મિલકત લેવા અથવા મેળવવા અથવા કોઈ વ્યક્તિને રસ્તાના અધિકારના અથવા પાણીના ઉપયોગના હક્કથી અથવા અન્ય અમૂર્ત હક્કો કે જેના તે કબજા કે ભોગવટામાં હોય તેના ઉપયોગથી વંચિત કરવાનો અથવા કોઈ અધિકાર કે માની લીધેલાં અધિકારને સ્થાપિત કરવાનો; અથવા

પાંચમો – કોઈ વ્યક્તિને તે જે ન કરવા બંધાયેલી હોય તે કરવા અથવા જે કરવા કાનૂની રીતે હકકદાર હોય તે ન કરવા ગુન્હાહિત બળ અથવા ગુન્હાહિત બળના દેખાવ વડે ફરજ પાડવાનો હોય.

સમજૂતી : એક મંડળી કે જે એકત્ર થવા સમયે ગેરકાનૂની ન હતી તે પછીથી ગેરકાનૂની મંડળી થઈ શકે.

<u>૧૪૨. ગેરકાનૂની મંડળીના સભ્ય હોવું.:–</u>

કોઈ પણ વ્યક્તિ જે બાબત કોઈ મંડળીને કાનૂન વિરુદ્ધની મંડળી બનાવે તે બાબતથી માહિતગાર હોવા છતાં ઈરાદાપૂર્વક તે મંડળીમાં જોડાય અથવા ચાલુ રહે તે ગેરકાનૂની મંડળીની સભ્ય કહેવાય.

**(૮.૬) <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ : તત્વો:–</u>**

૧. આરોપીઓએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યું હોય,

૨. તેમ કરીને આરોપીઓ તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપીઓ જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેરશાંતીનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

(૮.૭) <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) : તત્વો:–</u>

૧. આરોપીઓએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હીત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

ર. આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવુ કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવુ કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી <u>અથવા</u> આવી ધમકી સ્ત્રી ઉપર ચારીત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

(૮.૮) <u>જી.પી. એકટની કલમ–૧૩૫ : તત્વો</u>

૧. બનાવના સ્થળ અને સમય અંગે ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ મુજબ કાયદેસર રીતે હથીયાર બંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે હુકમ અસ્તિત્વમાં હતો,

૨. હથીયાર બંધી અંગેનો હુકમ જાહેરનામાં માટે ઠરાવેલ પધ્ધતીથી, યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવમા આવેલ,

૩. આ કામના આરોપી સદરહું જાહેરનામાંમાંથી પ્રતિબંધિત જગ્યામાં હથીયાર ધારણ કરી તે હુકમનું પાલન કરેલ નથી, અથવા તેનું પાલન ન કરવામાં કોઇને મદદ કરેલ છે.

(૯) આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતાં પહેલા ફરિયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ કરેલ છે:

<u>પંચોની જુબાની :–</u>

(૯.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક –૨૩ થી પંચ સાહેદ અમીતકુમાર નવલસિંહ ગરાસીયાને અને આંક–૨૫ થી પંચ સાહેદ બચુભાઇ વિરજીભાઇ ખરાડીને તપાસવામાં આવેલ છે.તેઓ તેમની

જુબાનીમાં આંક–૨૪ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે. તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવું ફલીત થાય છે કે,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

(૯.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક –૨૬ થી પંચ સાહેદ અમૃતલાલ વેચાતભાઇ અસારીને અને આંક–૨૮ થી પંચ સાહેદ રમેશભાઇ કાનજીભાઇ બોડાતને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક–૨૭ થી રજુ મુદ્દામાલ રીકવરીના પંચનામામાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે વધુમાં પંચોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

**સાહેદોની જુબાની :–**

(૯.૩) ફરીયાદપક્ષે સાહેદ રાજેશભાઈ જેઠાભાઈ પરમારને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, બનાવ આજ થી આશરે દશેક વર્ષ પહેલા બનેલો. વર્ષ–૨૦૧૬ માં તેઓ શામળાજી આર.ટી.ઓ.ચેક પોસ્ટ ખાતે ફરજ બજાવતા હતા અને બનાવના દિવસે તેઓ તેમની નોકરી પૂરી કરી તેઓના ઘરે ગયેલ હતા તે વખતે તેઓને ટેલીફોનીક જાણ થયેલ કે, "વિષ્ણુસિંહ

દશરથસિંહ રાઠોડ તથા સિકયોરીટી ગાર્ડ ખાંટ સુરેશભાઈ તથા કાળુસિંહ ચૈચાહચાણનાઓ અમારી ફરજપર હાજર હતા તે દરમ્યાન અમારી ઉપરી અધિકારી શ્રી બી.એમ. ચાવડા, આર.ટી.ઓ. સાહેબ તરફથી અમોને સુચના મળેલ કે, વિજયનગર થી રાજસ્થાન જતી લકઝરીબસ રોકવા માટે જણાવેલ હોઈ, બાતમી હકીકતવાળી લકઝરીબસ આવતાં અમોએ રોકાવેલ અને ગાડીના કાગળો ચેક કરી તે કાગળો જમા લીધેલા, તે વખતે આ લકઝરીબસના ડ્રાઈવર અમારી ઉપર ઉશ્કેરાઈ ગયેલ અને અમોને મારવાની ધમકી આપી ત્યાથી જતા રહેલા, ત્યાર બાદ થોડાક સમય બાદ રાજસ્થાન રાણી બોર્ડર તરફથી એક જીપગાડી અમો હાજર હતા ત્યા આવેલી અને આ જીપગાડીમાં આશરે દસ–બાર માણસો હતા, જેમાંથી પાંચેક માણસો નીચે ઉતરેલા અને તેઓની પાસે લોખંડની પાઈપ તથા લાકડી–ધોકા જેવા હથીયારો હતા. આ પાંચેક માણસો પૈકી એક ઈસમના હાથામાં લોખંડની પાઈપ હતી તે મારા જમણા હાથના બાવડાના ભાગે મારતાં ઈજા થયેલી તથા તેઓની સાથેના બીજા ચારેક માણસોએ તેઓના હાથામાં રહેલ લાકડી તથા ધોકા વડે માર મારેલ, તે વખતે મારી સાથેના બીજા વ્યકિતઓએ મને વધુ મારમાંથી છોડાવેલ અને આ લોકો જતા જતા કહેતા હતા કે, આજ પછી અમારી લકઝરીબસ રોકી છે તો જાનથી મારી નાંખીશુ, તેવી ધમકી આપતા જતાં રહેલા'' હોવાની <u>વાત તેઓને ફોન પર કરેલી.</u>

(૯.૪) ફરીયાદપક્ષે સાહેદ કાળુસિંહ અમરસિંહ ચૌહાણને આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, સને–૨૦૧૬ની સાલમાં તેઓ સીકયોરીટી ગાર્ડ તરીકે રાણી બોર્ડર પાસે વાહન ચેકીંગ કરતાં હતા અને તે સમયે કોઈ ગાડી વાળા સાથે કાગળ આર.ટી.ઓ. સાહેબને બતાવવા બાબતે એકબીજાને બોલવાનું થયેલું. <u>આ બાબતની વિષ્ણુસિંહને દુ:ખ લાગતા ગાડીના પેસેન્જરો વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. પોલીસે તેઓનો કોઈ જવાબ લીધેલ કે કેમ તે તેઓને હાલ યાદ નથી.</u>

સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઇ, સદરહુ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

સદરહુ સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સમય રાત્રીનો હતો. મેક્ષમાંથી ઉતરેલા માણસોને તેઓ ઓળખી શકે નહિ તેમજ તેઓએ પોલીસ નિવેદનમાં અજાણ્યા શખ્સો લખાવેલા. આરોપીઓની કોઇ ઓળખ પરેડ કરાવેલ તેવું બનેલ નથી. બનાવ સમયે આરોપીઓને જોયેલા નહિ. આરોપીઓએ તેઓને કે વિષ્ણુસિંહને કોઇ માર મારેલ હોય તેવું બનેલ નથી તથા તેઓની સાથેના અન્ય વ્યક્તિઓને ઝપાઝપી કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેઓને કોઈ ગાળાગાળી કરેલ નથી કે કોઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથિયાર વડે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

(૯.૫) ફરીયાદપક્ષે સાહેદ સુરેશભાઇ રામાભાઇ ખાંટને આંક–૪૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, સને–૨૦૧૬ની સાલમાં તેઓ સીકયોરીટી ગાર્ડ તરીકે રાણી બોર્ડર પાસે વાહન ચેકીંગ કરતાં હતા અને તે સમયે કોઇ ગાડીવાળા સાથે કાગળ આર.ટી.ઓ. સાહેબને બતાવવા બાબતે એકબીજાને બોલવાનું થયેલું. આ બાબતની વિષ્ણુસિંહને દુ:ખ લાગતા ગાડીના પેસેન્જરો વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આ સિવાય બીજુ કંઇ જાણતા નથી. પોલીસે તેઓનો કોઇ જવાબ લીધેલ કે કેમ તે તેઓને હાલ યાદ નથી.

સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઇ, સદરહુ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

સદરહુ સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સમય રાત્રીનો હતો, મેક્ષમાંથી ઉતરેલા માણસોને તેઓ ઓળખી શકે નહિ તેમજ તેઓએ પોલીસ નિવેદનમાં અજાણ્યા શખ્સો લખાવેલા, આરોપીઓની કોઇ ઓળખ પરેડ કરાવેલ તેવું બનેલ નથી, બનાવ સમયે આરોપીઓને જોયેલા

નહિ, આરોપીઓએ તેઓને કે વિષ્ણુસિંહને કોઇ માર મારેલ હોય તેવું બનેલ નથી તથા તેઓની સાથેના અન્ય વ્યક્તિઓને ઝપાઝપી કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેઓને કોઈ ગાળાગાળી કરેલ નથી કે કોઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથિયાર વડે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી, આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**<u>ડોકટર સાહેદની જુબાની :–</u>**

(૯.૬) ફરીયાદપક્ષે ડોકટર સાહેદ નવીનચંદ્ર જોઇતારામ પરીખને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, ગઈ તારીખ : ૧૩/૦૬/૨૦૧૬ ના રોજ હું સી.એચ. સી. વિજયનગર ખાતે મેડીકલ ઓફિસર તરીકે તેઓની ફરજપર હાજર હતો તે દરમ્યાન રાત્રીના ૧૨–૫૦ વાગ્યે એક દર્દી નામે : વિષ્ણુસિંહ દશરથતસિંહ રાઠોડ, ઉ.આ.વ.૩૧, રહે. રાણી ચેક પોસ્ટ, મૂળ વતન : લક્ષ્મીપુરા, તા.માણસા, જિ.ગાંધીનગરનાઓને મારામારીમાં ઈજા થતાં તેઓની પાસે સારવાર માટે આવેલા, તેઓએ આ દર્દીને તપાસેલા તે સંપુર્ણ સભાન અવસ્થામાં હતા, તેઓને બનાવ અંગે હિસ્ટ્રી પુછેલ તો જણાવેલ કે, ''રાણી ચેક પોસ્ટપર ડયુટીપર હતો ત્યારે રાત્રે ૯–૦૦ કલાકે ડામોર ટ્રાવેલ્સના માણસો ગાડી રોકવા માટે બબાલ થતાં ગાડી લઈને આવીને લોખંડની પાઈપથી માર મારેલ છે''.સદર દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા. સદરહુ દર્દીને તપાસતાં: (૧) ઢીમચા જેવી સ્નાયુના સોજાની ઈજા જમણા હાથે ખભાના નીચેના ભાગે વચ્ચે બહારની બાજુ આશરે ૪.૦૦ સે.મી. લાંબી x ૪.૦૦ સે.મી.પહોળી ચામડી ઉપરની સોજાની ઈજા માલુમ પડેલી.બાહ્ય રીતે તપાસ કરતાં સંભવીત અસ્થિભંગની ઈજા લાગતી હતી. (૨). સ્નાયુની દુ:ખાવાની ઈજા ડાબા હાથે ખભાનાભાગે બહારની બાજુ કોઈ બાહ્ય ઈજા વિના ફકત દુ:ખાવાની ઈજા હતી.(૩). સ્નાયુની દુ:ખાવાની ઈજા ડાબા પગે ઢીંચણના નીચેના ભાગે બહારની બાજુ કોઈ બાહ્ય ઈજા વિના ફકત દુ:ખાવાની ઈજા હતી. સદરહુ દર્દીને થયેલ ઈજા નં.૧ થી ૩ સાદા પ્રકારની અને

તાજી હતી અને તે સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી અને જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો ૧૦ દિવસમાં સારી થઈ શકે તેવી હતી. સદર દર્દીને તેઓની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી એક્ષ્પર્ટ ઓપિનીયન અને એક્ષ–રે રિપોર્ટ માટે જનરલ હોસ્પિટલ – હિંમતનગર ખાતે રિફર કરવામાં આવેલા. સદર દર્દીનો તેઓની હોસ્પિટલમાં કેસ કાઢવામાં આવેલ, જેમાં સારવાર કર્યા અંગેની નોંધ છે, જે તેઓના હસ્તાક્ષરોમાં છે, જે કેસ પેપર્સને આ કામે રજુ દાખલ આંક–૩૬ આપવામાં આવેલ છે. આ દર્દીની તેઓએ સારવાર કરેલ તે અંગેનું તેઓએ એમ.એલ.સી.નં.૧૯૨/૨૦૧૬, તા.૧૩/૦૬/ ૧૬ ના રોજનું સારવાર સર્ટીફીકેટ આપેલ છે, જે અસલ સારવાર અંગેના મેડી.સર્ટીફીકેટને આ કામે રજૂ દાખલ આંક–૩૭ આપવામાં આવેલ છે. સદર સર્ટીફીકેટમાં સ્લીપ ઓફ પેન થી 12–50 PM એવું લખાયેલ છે, પરંતુ ખરેખર 12–50 AM વાંચવું.

સદરહુ સાહેદે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદરહુ દર્દી તેઓની પાસે પોલીસ યાદી લીધા વિના આવેલ હતા. તેઓના મેડી.સર્ટીફીકેટમાં ઈજાના કોઈ કલર દર્શાવેલા નથી, ઈજા નં.૨ અને ૩ કાલ્પનીક પણ હોઈ શકે. ઈજા નં. ૧ જો કોઈ પણ વ્યકિત દોડીને જતો હોય અને પત્થરાળ જમીન ઉપર પડી જાય તો થઈ શકે તેવી છે. દર્દીએ તેઓને કોણે ઈજા કરેલ તે વ્યકિતનું નામ તેઓને જણાવેલ નથી.

(૯.૭) ફરીયાદપક્ષે ડોકટર સાહેદ ડો.મોહંમદ મુસ્લીમ અબ્દુલકરીમ સીદીકીને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, ગઈ તારીખ : ૧૩/૦૬/૨૦૧૬ના રોજ તેઓ જનરલ હોસ્પિટલ હિંમતનગર ખાતે મેડીકલ ઓફિસર તરીકે તેઓની ફરજપર હાજર હતા તે દરમ્યાન બપોરના ૧૨–૧૧ વાગ્યે એક દર્દી નામે:વિષ્ણુસિંહ દશરથતસિંહ રાઠોડ, ઉ.આ.વ.૩૧, રહે. લક્ષ્મીપુરા, તા.માણસા, જિ.ગાંધીનગરનાઓને મારામારીમાં ઈજા થતાં પ્રથમ વિજયનગર સી.એચ.સી. સાથે પ્રાથમિક સારવાર કરાવી તે અંગેની રિફર સ્લીપ સાથે મારી પાસે વધુ સારવાર માટે આવેલા,

જે રિફર સ્લીપને આ કામે રજુ દાખલ આંક–૩૯ આપવામાં આવેલ છે. તેઓએ આ દર્દીને તપાસેલા તે સંપુર્ણ સભાન અવસ્થામાં હતા, તેઓને બનાવ અંગે હિસ્ટ્રી પુછેલ તો જણાવેલ કે,''સામેવાળાઓએ તેઓને પાઈપ અને લાકડીઓથી માર મારેલ છે'. સદર દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા. સદરહુ દર્દીને તેઓએ તપાસતાં: જમણી કોણીના ભાગે દુ:ખાવાની ફરીયાદ હતી. દર્દીનો એક્ષ–રે કરાવતાં તેઓને કોઈ પણ પ્રકારનું ફેકચર જણાયેલ નહીં, આ કેસ તેઓની હોસ્પિટલના ઓર્થો.સર્જન ડો. અમરીશ વ્યાસનાઓએ જોયેલ અને તેઓના અભિપ્રાય મુજબ સદર દર્દીને કોઈપણ પ્રકારનું ફેકચર જણાયેલ નહીં. સદરહુ દર્દીને થયેલ ઈજા સાદા પ્રકારની અને તે સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી અને જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો ૪ થી ૫ દિવસમાં સારી થઈ શકે તેવી હતી. સદર દર્દીને અમારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલી અને તા.૧૪/૬/૨૦૧૬ ના રોજ સવારે:૧૧–૦૦ વાગ્યે રજા આપવામાં આવેલી. આ દર્દીની તેઓએ સારવાર કરેલ તે અંગેનું તેઓએ એમ.એલ.સી. નં.૧૭૯૬/૨૦૧૬,તા.૨૭/૦૬/૨૦૧૬ના રોજનું સારવાર સર્ટીફીકેટ આપેલ છે, જે સારવાર અંગેના મેડી.સર્ટીફીકેટને આ કામે રજૂ દાખલ આંક–૪૦ આપવામાં આવે છે.

સદરહુ સાહેદે ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓના મેડી. સર્ટીફીકેટમાં ઈજાના કોઈ કલર દર્શાવેલ નથી, દર્દીને થયેલ ઈજા બહાર દેખી શકાય તેવી ઈજા ન હતી , દર્દીએ કોણે ઈજા કરેલ તે વ્યકિતનું નામ તેઓને જણાવેલ નથી, દર્દીને થયેલ ઈજા, જો કોઈ વ્યકિત દોડીને જતું હોય અને તે પત્થરાળ જમીન ઉપર પડી જાય તો થઈ શકે.

<u>ફરીયાદીની જુબાની :–</u>

(૯.૮) ફરીયાદપક્ષે ફરીયાદી વિષ્ણુસિંહ દશરથસિંહ રાઠોડને આંક–૪૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, સને ૨૦૧૬ની સાલમાં તેઓ સીકયુરીટી ગાર્ડ તરીકે વિજયનગર રાણી બોર્ડર પાસે વાહન ચેકીંગ કરતા હતા અને તે

સમયે કોઈ ગાડીવાળા સાથે કાગળ આરટીઓ સાહેબને બતાવવા બાબતે એકબીજાને બોલવાનુ થયેલુ આ બાબતનું તેઓને દુખ લાગતાં તેઓએ ગાડીનાં પેસેન્જરો વિરુધ્ધ ફરિયાદ આપેલી. અસલ ફરીયાદને આ કામે રજુ દાખલ આંક-૪૬ આપવામાં આવે છે. આ સિવાય બીજુ કંઈ જાણતો નથી.

ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઈ, સદરહુ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

સદરહુ સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સમય રાત્રીનો હતો, મેક્ષમાંથી ઉતરેલા માણસોને તેઓ ઓળખી શકે નહિ તેમજ તેઓએ પોલીસ નિવેદનમાં અજાણ્યા શખ્સો લખાવેલા, આરોપીઓની કોઇ ઓળખ પરેડ કરાવેલ તેવું બનેલ નથી, બનાવ સમયે આરોપીઓને જોયેલા નહિ, આરોપીઓએ તેઓને કોઇ માર મારેલ હોય તેવું બનેલ નથી તથા તેઓની સાથેના અન્ય વ્યક્તિઓએ ઝપાઝપી કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેઓને કોઈ ગાળાગાળી કરેલ નથી કે કોઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથિયાર વડે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી, આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

(૧૦) આ કેસના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે તે તથા ઉપરોકત રજુ પુરાવાઓ જે હકીકતો સાથે સંકળાયેલા છે, તે હકીકતો સાબિત થઈ છે કે કેમ, તે અંગે પુરાવાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન શરૂ કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમના સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ નોંધવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

- **કઈ બાબતનો પુરાવો આપી શકાય**

  કઈ બાબતનો પુરાવો આપી શકાય તે માટે સૌપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૩ ની કલમ-૫ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ-૩) જોવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Evidence may be given of facts in Issue and relevant facts. Evidence may be given in any suit or proceeding of the existence or non-existence of every fact in issue and of such other facts as are hereinafter declared to be relevant, and of no others.

આ જોગવાઈ પ્રમાણે પુરાવો Fact In Issue માટેનો અથવા તો Relevant હકીકતો માટેનો જ આપી શકાય બીજી કોઈ બાબતનો પુરાવો આપી શકાય નહીં.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એક હકીકત, બીજી હકીકત સાથે Relevant ત્યારે કહી શકાય, જ્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૫ થી ૫૫ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૩ થી ૫૦) મુજબ તેને સુસંગત ગણવામાં આવી હોય.

- **જજમેન્ટનો આધાર :**

વળી, કોઈપણ વિવાદનું જજમેન્ટ શાના આધારે આપવું જોઈએ, તે બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૬૫ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૬૮)ના પ્રોવાઈઝોની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

"Provided that the judgment must be based upon facts declared by this Act to be relevant, and duly proved:"

આ જોગવાઈ પ્રમાણે જજમેન્ટ માત્ર Proved relevant facts પર જ આધારિત હોવું જોઈએ. તેથી હવે પછી હકીકતોનું મૂલ્યાંકન Fact In Issue અને Relevant Fact માટે જ કરવામાં આવ્યું છે.

**ઉપરોકત રજુ પુરાવાનું સંયુકત મુલ્યાંકન :–**

**(૧૧)** ઉપરોકત પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે ફરીયાદી પોતે તથા અન્ય સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષના

કેસને સમર્થન કરતા ન હોય તથા ફરીયાદપક્ષે આંક–૫૦ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે તથા વધુ સાહેદ તપાસવાથી કેસના ગુણદોષમાં કોઈ ફરક પડે તેમ ન હોય વધુ સાહેદ તપાસવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી વિષ્ણુસિંહ દશરથસિંહ રાઠોડને આંક–૪૫, સાહેદ કાળુસિંહ અમરસિંહ ચૌહાણને આંક–૪૭, સાહેદ સુરેશભાઈ રામાભાઈ ખાંટને આંક–૪૮ થી તપાસવામાં આવેલ છે, તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમય રાત્રીનો હતો, મેક્ષમાંથી ઉતરેલા માણસોને તેઓ ઓળખી શકે નહિ તેમજ તેઓએ પોલીસ નિવેદનમાં અજાણ્યા શખ્સો લખાવેલા, આરોપીઓની કોઇ ઓળખ પરેડ કરાવેલ તેવું બનેલ નથી, બનાવ સમયે આરોપીઓને જોયેલા નહિ, આરોપીઓએ તેઓને કે વિષ્ણુસિંહને કોઇ માર મારેલ હોય તેવું બનેલ નથી તથા તેઓની સાથેના અન્ય વ્યક્તિઓને ઝપાઝપી કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેઓને કોઈ ગાળાગાળી કરેલ નથી કે કોઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથિયાર વડે હુમલો કરેલ હોય તેવુ બનેલ નથી, આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. તથા સાહેદ રાજેશભાઈ જેઠાભાઈ પરમાર આંક–૨૯ વાળી જુબાનીમાં બનાવની જાણ તેઓને બનાવના દિવસે તેઓ તેમની નોકરી પૂરી કરી તેઓના ઘરે ગયેલ હતા તે વખતે તેઓને ટેલીફોનીક જાણ થયેલાની હકીકત જણાવે છે. જેથી હાલની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી અને હાલની ફરીયાદ શંકાસ્પદ જણાય આવે છે.

ત્યારબાદ આ કામે પંચ સાહેદ અમીતકુમાર નવલસિંહ ગરાસીયાને આંક–૨૩ અને પંચ સાહેદ બચુભાઈ વિરજીભાઈ ખરાડીને આંક–૨૫ થી તપાસવામા આવેલ. પરંતુ તેઓએ આંક–૨૪ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારબાદ આ કામે પંચ સાહેદ અમૃતલાલ વેચાતભાઈ અસારીને આંક–૨૬ અને પંચ સાહેદ રમેશભાઈ

કાનજીભાઈ બોડાતને આંક–૨૮ થી તપાસવામા આવેલ. પરંતુ તેઓએ આંક–૨૭ થી રજુ મુદ્દામાલ રીકવરી પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વધુમાં તેઓની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. આમ, સદર સદર પંચનામાના પંચ સાહેદોએ પંચનામાને સમર્થન આપેલ ન હોય, પંચનામુ સાબીત થતુ નથી.

ત્યારબાદ ડોકટર સાહેદ નવીનચંદ્ર જેઈતારામ પરીખ ને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે.તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, સદરહુ દર્દી તેઓની પાસે પોલીસ યાદી લીધા વિના આવેલ હતા. તેઓના મેડી.સર્ટીફીકેટમાં ઈજાના કોઈ કલર દર્શાવેલા નથી, ઈજા નં.૨ અને ૩ કાલ્પનીક પણ હોઈ શકે. ઈજા નં. ૧ જો કોઈ પણ વ્યકિત દોડીને જતો હોય અને પત્થરાળ જમીન ઉપર પડી જાય તો થઈ શકે તેવી છે. દર્દીએ તેઓને કોણે ઈજા કરેલ તે વ્યકિતનું નામ તેઓને જણાવેલ નથી. ત્યારબાદ ડોકટર સાહેદ ડો.મોહંમદ મુસ્લીમ અબ્દુલકરીમ સીદીકીને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓના મેડી. સર્ટીફીકેટમાં ઈજાના કોઈ કલર દર્શાવેલ નથી, દર્દીને થયેલ ઈજા બહાર દેખી શકાય તેવી ઈજા ન હતી, દર્દીએ કોણે ઈજા કરેલ તે વ્યકિતનું નામ તેઓને જણાવેલ નથી, દર્દીને થયેલ ઈજા, જો કોઈ વ્યકિત દોડીને જતું હોય અને તે પત્થરાળ જમીન ઉપર પડી જાય તો થઈ શકે., આમ, ડોકટર સાહેદોની જુબાનીથી પણ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી.

નામદાર સર્વોચ્ચ અદાલતે Krishnegowda versus State Of Karnataka reported in 2017 (0) AIJEL-SC 59963 ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

PARA-19. Having gone through the evidence of the prosecution witnesses and the findings recorded by the High Court we feel that the High Court has failed to understand the fact that the guilt of the accused has to be proved beyond reasonable doubt and this is a classic case where at each and every stage of the trial, there were lapses on the part of investigating agency and the evidence of the witnesses is not trustworthy which can never be basis for conviction. The basic principle of criminal jurisprudence is that the accused is presumed to be innocent until his quilt is proved beyond reasonable doubt.

PARA-20. Generally in the criminal cases, discrepancies in the evidence of witness is bound to happen because there would be considerable gap between the date of incident and the time of deposing evidence before the Court, but if these contradictions create such serious doubt in the mind of the Court about the truthfulness of the witnesses and it appears to the Court that there is clear improvement, then it is not safe to rely on such evidence.

PARA-21. In the case on hand, the evidence of eyewitnesses is only consistent on the aspect of injuries inflicted on the deceased but on all other factors there are lot of contradictions which go to the root of the matter.

PARA-25. It is to be noted that all the eyewitnesses were relatives and the prosecution failed to adduce reliable evidence of independent witnesses for the incident which took place on a public road in the broad day light. Although there is no absolute rule that the evidence of related witnesses has to be corroborated by the evidence of independent witnesses, it would be trite in law to have independent witnesses when the evidence The of related eyewitnesses is found to be incredible

and not trustworthy. The minor variations and contradictions in the evidence of eyewitnesses will and not tilt the benefit of doubt in favor of the accused but when the contradictions in the evidence of prosecution witnesses proves to be fatal to the prosecution case then those contradictions go to the root of the matter and in such cases accused gets the benefit of doubt.

25. It is the duty of the Court to consider the trustworthiness of evidence on record. As said by Benthem, "witnesses are the eyes and ears of justice". In the facts on hand, we feel that the evidence of these witnesses is filled with discrepancies, contradictions and improbable versions which draws us to the irresistible conclusion that the evidence of these witnesses cannot be a basis to convict the accused.

ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલનાં કેસની હકીકત જોવામાં આવે તો આ કેસના કામે ફરીયાદપક્ષના સાક્ષીઓ ફરીયાદીના ઓળખીતા જ છે. તેમાં કોઇ સ્વતંત્ર સાહેદ નથી તેમજ ફરીયાદ તથા ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીમાં મહત્વના અને કેસના મુળને અસર કરે તેવા કોન્ટ્રાડીકશન રેકર્ડ પર આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદામાં જણાવ્યા અનુસાર દરેક કેસમાં ફકત ફરીયાદપક્ષના સાહેદો સગા સંબંધી હોવાથી તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી તેવો કોઇ નિયમ નથી પરંતુ આ સાક્ષીઓની જુબાની કોર્ટને વિશ્વાસનીય લાગવી જોઇએ. પરંતુ હાલના કેસમાં ફરીયાદી અને અન્ય સાહેદોની જુબાનીમાં કેસના મુળને અસર કરે તેવા કોન્ટ્રાડીકશન રેકર્ડ પર આવે છે જેથી ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોથી સમર્થન પ્રાપ્ત થતુ નથી . તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય તે જરૂરી જણાય આવે છે. તેમજ ફરીયાદપક્ષના કેસમા આવેલ મહત્વના કોન્ટ્રાડીકશનના કારણે આરોપી સામેનો ગુન્હો નિ:શંકપણે સાબિત થતો નથી. જે અંગે નામદાર સર્વોચ્ચ

અદાલતના ઉપરોકત દર્શાવેલ Krishnegowda versus State Of Karnataka ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

PARA-29. Once there is a clear contradiction between the medical and the ocular evidence coupled with severe contradictions in the oral evidence, clear latches in investigation, then the benefit of doubt has to go to the accused.

ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવાઓ તથા ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાની જોતાં હાલના કામના આરોપીઓએ જ ફરીયાદમાં જણાવ્યા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૨) આમ, ફરીયાદી તથા અન્ય સાહેદની જુબાની જોતાં આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪, ૫૦૬(૨) હેઠળ પણ તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. સદરહું ગુનો ક્યારે સાબિત ગણાય તે સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલત દવારા **પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૦૭(૧) જિ.એલ.એચ.૩૭૭** થી પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં કરેલ અવલોકન કરવામાં આવેલ છે કે,

"Indian Penal Code, 1860 Ss.504 and 506(2) Actual words used by accused not coming on record - Unless they come on record, it is not possible to hold that the offence is committed - The insult as - envisaged in S.504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence - The threat as contemplated in S.506 must cause alarm in the mind of person so threatened - No such evidence is there on record - Order of conviction set aside - Appeal allowed."

ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતાં, તેમાં ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ મુજબના ગુન્હા માટે અસલ શબ્દો રેકર્ડ ઉપર આવવા જોઇએ, તેમજ આરોપીઓ દ્વારા અપમાન માત્ર ઈરાદાપુર્વકનુ જ નહી, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઇએ તેવુ ઠરાવેલ છે. વધુમાં જોઇએ તો ભારતીય દંડ સહિતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુના માટે જાનથી મારી નાખવાની ધમકી આપવી કે મહાવ્યથા પહોંચાડવી તે લગત છે. બનાવ બાદ પણ ફરિયાદી કે સાહેદને આરોપીઓથી જીવનું જોખમ હોય કે તેના લીધે તેઓ પોતાનું રોજિંદુ કાર્ય કરી શકે તેમ ન હોય, તેવા સંજોગો કે હકિકતો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી ત્યારે આ કામના <u>આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના ગુનામાં પણ તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી.</u>

**(૧૩)** વધુમાં આરોપીઓ વિરુધ્ધ <u>જી.પી.એ.એકટ કલમ–૧૩૫</u> મુજબનો ગુન્હો આક્ષેપાયેલ છે. પરંતુ સદર જાહેરનામાની પ્રસિધ્ધી કેવી રીતે કરવામાં આવેલ તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી જયારે કાયદા મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ થયા અંગેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવવો આવશ્યક છે. આમ ફરીયાદપક્ષ દવારા આક્ષેપાયેલ <u>જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હામાં આ કામના આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી.</u>

**(૧૪)** ઉપરોકત તમામ સંજોગો જોતાં, તા.૧૨/૧૧/૨૦૧૫ ના કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે મોજે રાણી બોડર ચેક પોસ્ટ ઉપર ફરીયાદી આર.ટી.ઓ. સાહેબની સૂચના મુજબ એ.કે. ડામોર લકઝરી બસ નં.આરજે.૨૭.પીએ.૮૦૮૩ ની રોકાવી તેના કાગળો આર.ટી.ઓ. સાહેબએ અગાઉ જમા લીધેલ જેની અદાવત રાખી આ કામના આરોપીઓએ એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી મારક હથીયાર ધારણ કરી ફરીયાદીને જમણા હાથના બાવડા ઉપર લોખંડની પાઇપ મારી તથા લાકડી તથા ધોકાથી માર મારી શરીરે ઇજાઓ કરી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી

મે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોય તેવું સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ નિવડેલ છે.

(૧૫) ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં, ફરીયાદ, ફરીયાદીની જુબાની તથા સાહેદોની જુબાની તથા રેકર્ડ પરનો પુરાવો જોતાં આ કામના આરોપીઓ સામેનો ફરીયાદમાં જણાવેલ ગુન્હો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, **મુદા નં.૦૧** નો જવાબ "**નકારમાં**" આપી **મુદા નં.૦૨** અન્વયે નીચે મુજબનો "**આખરી હુકમ**" કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી નં.(૪) દિનેશસિંહ પદમસિંહ સિસોદીયા અવસાન પામેલ હોઈ તેઓને એબેટ કરવામાં આવેલ છે, જેથી તેમના વિરૂધ્ધ કોઈ હુકમ નથી.

(૨) આ કામના આરોપી નં.(૧) અશ્ચીનભાઈ શંકરભાઈ ડામોર, ઉ.વ.આ.૪૫, રહે–બબાળા, ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન)નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૪૮(૧) (ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ–૨૭૧(૧))અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬ (૨) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુન્હાના તહોમતમાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નં.(૨) ગેબીલાલ દિતાજી અસારી, ઉ.વ. આ.૭૦, રહે–બબાળા, ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન), આરોપી નં.(૩) ચંદુલાલ સવાજી અસારી, ઉ.વ.આ.૬૨, રહે–બબાળા, ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન), આરોપી નં (૫) બંશીલાલ નાથુજી પરમાર,

ઉ.વ.આ.૫૦, રહે–સરેરા બીચલાફાળા, ખેરવાડા, જિ. ઉદેપુર(રાજસ્થાન)નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૪૫)(ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ–૨૬૮) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બિન –તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપી નં.૧ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) (ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ–૪૮૧) મુજબના છ માસ માટેના અપીલ અદાલત સમક્ષ અપીલ થયેથી હાજર થવા માટેના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા વિકલ્પે જામીન તરીકે ચાલુ રહેવાની પુરસીસ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપી નં.૨, ૩, ૫ના અગાઉ થયેલ જામીનને જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૨૦, માહે :જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૦/૦૭/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//